
# તીર્થસ્તવના




ગાન ઉત્સવ

વ.સં. ૨૦૭૨, કારતક સુદ ૬-૭-૮

તા. ૧૭-૧૮-૧૯ નવેમ્બર, ૨૦૧૫




શ્રી શત્રુંજય મહાતીર્થ


શ્રી તારંગાજી તીર્થ


શ્રી ગિરનારજી તીર્થ


શ્રી કુંભારીયાજી તીર્થ

# તીર્થ સ્તવના

*તારણહાર તીર્થોની ભૂમિ ઉપર જિનાલયોના સાનિધ્યમાં*

*ભાવસભર ગાન-ઉત્સવ*

પ્રસ્તુતિ

સુપ્રસિદ્ધ ધ્રુપદ ગાયક ગુંદેચા બ્રધર્સ

- રમાકાંત ગુંદેચા
- ઉમાકાંત ગુંદેચા
- અખિલેશ ગુંદેચા

વિ.સં. ૨૦૭૨, કારતક સુદ ૬-૭-૮ (મંગળ-બુધ-ગુરુવાર)

તા. ૧૭-૧૮-૧૯ નવેમ્બર-૨૦૧૫

આયોજક

**શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.**

# તીર્થ સ્તવના

**પ્રથમ પ્રકાશન**

વિ.સં. ૨૦૭૨, કારતક સુદ-૬ ● તા. ૧૭-૧૧-૨૦૧૫, મંગળવાર

**પ્રકાશક :**

મહેન્દ્ર શાહ (જનરલ મેનેજર)
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૭
ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦. Telefax : (079) 2660 8244
E–mail : shree_sangh@yahoo.com

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)અમદાવાદ.(મો.) ૯૮૨૫૨૬૧૧૭૭

# મનની વાત

તીર્થ એટલે જે તારે ! જીવન નૈયાને પાર ઉતારે !
સંસારના સમુદ્રમાં સંયમ જહાજ દ્વારા પહોંચાડે સામે કિનારે !
આવી કલ્યાણકારી તીર્થભૂમિઓનાં રજકણ પણ પાવન બનાવે છે. તીર્થની યાત્રા ભવનું ભ્રમણ અટકાવવા કે ઓછું કરવા સહાયક બને છે!
સૈંકડો વરસોથી સાધકો-આરાધકો, ઉપાસકોની શ્રદ્ધા-ભક્તિ અને સાધનાના પરમાણુઓથી સભર અને સમૃદ્ધ તીર્થક્ષેત્રોમાં જવું, ત્યાં રહેવું, તીર્થમાં બિરાજમાન તીર્થંકરની પ્રતિમાની દ્રવ્ય-ભાવ પૂજા કરવી. દર્શન-પૂજન-વંદન-સ્તવન અને ભક્તિની ધૂણી ધખાવવી, ધ્યાનની ગહેરાઈમાં ડૂબકી લગાવવી, ડૂબી જવું વગેરે દ્વારા અનુભૂતિનો અજવાસ સાંપડે છે!
જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરવાથી પૂર્વના સંચિત કર્મો પણ નિર્જરી જાય છે! અને એમાંયે ગીત સંગીતના મેળ સાથે, સૂર અને શબ્દના સુમેળ સાથે, ઢળતી સાંજે અને આભની અટારીએથી ઉતરતી રાતની વેળ સાથે જો નિર્ભેળ ભાવોની વેલ પાંગરે તો આંખો નીતરી ઉઠે, અંતર વરસી પડે અને આખું અસ્તિત્વ ઓગળી જાય!

આત્માને પળ ભર માટે પણ પરમાત્માનું નૈકટ્ય અનુભવાય !

આ સમગ્ર ગાન ઉત્સવ કાર્યક્રમના આયોજનની પાછળનો ભાવ છે. સાધનોની લબ્ધિને ધ્યાનમાં રાખીને આ વખતે માત્ર તારંગા અને રાણકપુર તીર્થમાં ઉત્સવના મંડાણ થાય છે.

તીર્થોના પરમ પાવન વાતાવરણનો અહેસાસ થાય, દેરાસરની અંદર બહાર પથરાયેલ શિલ્પકળાનો પરિચય થાય, થોડી ક્ષણો માટે પ્રભુમય બની જવાય.બસ આજ ઉદેશ્ય અને ભાવના છે!

આવો, સ્વરના આગોશમાં સંગોપાયેલા શબ્દના આકાશને સમેટીએ ભીતરના શ્વાસમાં! આહિસ્તા આહિસ્તા ઓગળી જઈએ અહં વગરના અસ્તિત્વના અહેસાસમાં!

**-ભદ્રબાહુવિજય**

# ધ્રુપદગાયકીની ગુલાબી અને ઘૂંટાયેલી પ્રસ્તુતિ એટલે !
# ગુંદેચા બ્રધર્સ

**ગુંદેચા બ્રધર્સ**નું નામ આવે એટલે ભારતીય શાસ્ત્રીય સંગીત ધ્રુપદ ગાયકીના આકાશમાં ચમકતા અને દમકતા નક્ષત્રો આંખોના આઈનામાં આકાર લે ! ધ્રુપદ ગાયકીના એઓ નિષ્ણાત છે. આલા દર્જાના ગાયક છે અને ધ્રુપદ ધ્રુવ-પદ બની જાય એ રીતે સ્વરોની નદીને કલાકો સુધી વહાવી શકે છે !

રમાકાન્તજી ગુંદેચા અને ઉમાકાન્તજી ગુંદેચાએ વિશ્વવિદ્યાલયમાંથી શિક્ષણ મેળવ્યા પછી ધ્રુપદગાયનના ક્ષેત્રમાં પ્રવેશ્યા. કલાના મહાન સાધકો અને શિક્ષકો તથા રૂદ્રવીણાના મહાન પ્રસ્તુતકર્તા ડાગર બંધુઓના સાંનિધ્યમાં ધ્રુપદ ગાયકીને ઘૂટી અને ઘૂંટડે ઘૂંટડે પીધી. છેલ્લા વરસોમાં ભારત અને વિદેશના અનેક શહેરોમાં એમના કાર્યક્રમો અત્યંત સફળ અને લોકપ્રિય રહ્યા છે.

હિન્દીમાં મહાન કવિઓની રચનાઓને એમણે સ્વરમાં ગૂંથીને કેસેટ અને સીડીના માધ્યમથી પ્રસ્તુત કરી છે.

નવકાર મહામંત્ર અને ભક્તામર સ્તોત્રનું એમનું ગાન એટલું જ ઉમદા કક્ષાનું બન્યું છે.

ત્રીજા ભાઈ અખિલેશ ગુંદેચા કાયદાની ડિગ્રી મેળવીને સંગીતમાં ઉચ્ચત્તમ શિક્ષણ મેળવવાની સાથે પખાવજ વાદનમાં નિષ્ણાત બન્યા. પંડિત શ્રીકાન્તમિશ્ર અને રાજા છત્રપતિસિંહ જુદેવના હાથ નીચે ઘડાઈને હવે તો આ ત્રણે **ગુંદેચા બ્રધર્સ** અનેક પ્રતિષ્ઠિત સંગીત આયોજનોના અનિવાર્ય હિસ્સા બની ગયા છે. મધ્યપ્રદેશના શહેર ભોપાલ ખાતે રહેતા આ કલાકારોએ ધ્રુપદ એકેડમીની સ્થાપના પણ કરી છે. જૈન પરિવારમાં જન્મ ઉછેર અને સંસ્કારો સાથે યશસ્વી તેજસ્વી અને ઉર્જસ્વી વ્યક્તિત્વ ધરાવતી આ બંધુ ત્રિપુટીને અભિનંદન !

# આણંદજી કલ્યાણજી પેઢીનો પરિચય

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી એટલે ભારતભરના તમામ શ્વેતાંબર જૈન સંઘોનું પ્રતિનિધિત્વ કરતી જાજરમાન સંસ્થા ! શ્રી સંઘનું નામ અને કામ સદાય આનંદકારી અને કલ્યાણકારી જ હોય તથા શ્રીસંઘમાં સદૈવ આનંદ અને કલ્યાણ વ્યાપેલા રહે એવા ભાવથી 'આનંદ' અને 'કલ્યાણ' એમ બે શબ્દોના જોડાણપૂર્વક આ નામ અસ્તિત્વમાં આવ્યું છે. પાલીતાણાના વિ.સં. ૧૭૮૭ના ચોપડામાં પહેલવહેલું શેઠ આણંદજી કલ્યાણજીના નામ મળે છે. વિ.સં. ૧૮૧૫ની સાલમાં તો આણંદજી કલ્યાણજીની પેઢી એવું ચોખ્ખે ચોખ્ખું નામ મળે છે.

વિ.સં. ૧૭૮૭ થી ૧૮૮૦ (ઈ.સન્. ૧૭૩૧-૧૮૨૪) સુધી આ પેઢી મુખ્યત્વે શત્રુંજય તીર્થ સંબંધી જ વહીવટ સંભાળતી હતી. આ પેઢીનું સર્વપ્રથમ બંધારણ વિ.સં. ૧૯૩૬ ભાદરવા વદ ૧ ઈ.સન્ ૧૯-૦૬-૧૮૮૦ના દિવસે ૨૩ ગામના ૩૨ પ્રતિનિધિઓ તથા અન્ય કુલે ૧૦૩ અગ્રણી મહાનુભાવોની હાજરીમાં અમદાવાદના નગરશેઠ રાવબહાદુર પ્રેમાભાઈ હેમાભાઈના અધ્યક્ષસ્થાને રચાયું.

વિ.સં. ૧૯૬૮ ઇ.સન્ ૧૯૧૨ના ડિસેમ્બરના ભારતભરના ૯૦ જૈન સંઘોના ૧૧૦ પ્રતિનિધિઓના ઠરાવ સાથે આ પેઢી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા બની.

આણંદજી કલ્યાણજી પેઢી વિ.સં. ૧૯૬૩, (ઇ.સન્ ૧૯૦૭) થી અન્ય તીર્થોના વહીવટો પણ સંભાળે છે.

૧. ગિરનાર (ગુજરાત) ૨. તારંગાજી (ગુજરાત)

૩. રાણકપુર (રાજસ્થાન) ૪. મૂછાળા મહાવીર (રાજસ્થાન)

૫. કુંભારીયાજી (ગુજરાત) ૬.શેરીસા (ગુજરાત)

૭. વામજ (ગુજરાત) ૮.મક્ષી (મધ્યપ્રદેશ)

તીર્થોની વ્યવસ્થા ઉપરાંત ભારતભરમાં પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધાર, તીર્થ-કલ્યાણ ભૂમિઓનો જીર્ણોદ્ધાર તથા આવશ્યક નૂતન દેરાસરોના નિર્માણમાં પણ પેઢીનો મહત્ત્વનો ફાળો હોય છે.

અમદાવાદના ૭ **દેરાસરા** અને અન્ય ટ્રસ્ટોનો વહીવટ પેઢી હસ્તક છે.

**છાપરિયાળી પાંજરાપોળ** દ્વારા જીવદયાની પ્રવૃત્તિઓમાં પેઢીનો મહત્ત્વનો ફાળો છે. હજારોની સંખ્યામાં પશુઓન્રે સાચવવામાં આવે છે.

**શ્રુતઆનંદ ટ્રસ્ટ**ના માધ્યમથી શ્રુતજ્ઞાન-સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિઓ માટે પેઢી પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી, વિશાળ પુસ્તક સંગ્રહ, પૂ. સાધુ-સાધ્વીજીના અધ્યયનની વ્યવસ્થા વગેરે કાર્યો કરે છે. પ્રાચીન સાહિત્યના સંરક્ષણ-પ્રકાશનમાં પણ લાભ લે છે.

**વૈયાવચ્ચ વિભાગ** દ્વારા પૂ. સાધુ-સાધ્વીજીની સંયમજીવનયાત્રામાં સેવા ભક્તિનો લાભ લે છે. જરૂર પડે ભારતભરના જૈન સંઘોના પ્રશ્નો હલ કરવામાં પેઢી સહયોગ, સૂચન અને સક્રિય માર્ગદર્શન પણ આપે છે.

આ પેઢીનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પવિત્ર તીર્થ સ્થાનો તથા જિનમંદિરો, જિનબિંબો વગેરેની સાચવણી કરવાનું તથા તેને લગતા હક્કોની જાળવણી કરવાનું છે.

હાલમાં પેઢીના પ્રમુખ અને અન્ય ૭ ટ્રસ્ટીઓ દ્વારા પેઢીનો સમગ્ર વહીવટ સુચારૂ પેઠે ચલાવવામાં આવે છે.

# શ્રી શત્રુંજય ગિરિરાજ

ગુજરાતના સોરઠ (સૌરાષ્ટ્ર) નામથી જાણીતા પ્રદેશમાં પાલીતાણા પાસે વહેતી શેત્રુંજી નદીની ભેખડોને અડીને ઉભેલા ઊંચા ડુંગર શત્રંજયગિરિ તરીકે જાણીતા છે. આ પર્વતની ટોચે આરસ, પત્થર તથા ચૂનાના મિશ્રણથી બનેલા ઉત્તમ કારીગરીવાળા નાના-મોટાં આશરે ૧૨૪ જેટલાં દેરાસરો તથા ૭૩૯ દેરીઓ આ તીર્થને "મંદિરોની નગરી" તરીકેનું ગૌરવ આપે છે, અને એમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ પાષાણ તથા ધાતુની આશરે ૧૧૪૭૪ જેટલી જિનપ્રતિમાઓ, ૮૯૩૧ ચરણ-પાદુકાઓ, પટો વગેરેથી સમૃદ્ધ આટલા દેરાસરો એક જ જગ્યાએ વિશ્વમાં અન્યત્ર ક્યાંએ નથી.

શાશ્વત અને સદીઓથી પરમ પવિત્ર ગિરિરાજ તરીકે પ્રખ્યાત આ ભૂમિ વિક્રમની પહેલી સદીમાં જાવડશાહે અહીં સ્થિત જિનાલયનો જિર્ણોદ્ધાર કરાવવા પૂર્વક પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. ત્યારબાદ સમયે સમયે અહીંના જિનાલયો જિર્ણોદ્ધારિત થતા રહ્યા. વિ.સં. ૧૫૮૭ ઇસ્વીસન્-૧૫૩૧માં ચિત્તોડગઢના મંત્રી સ્વનામધન્ય કરમાશાએ આ તીર્થનો ૧૬મો જીર્ણોદ્ધાર કરાવ્યો અને વૈશાખ વદ-૬ના દિવસે મહાન તપસ્વી અને પ્રભાવક જૈનાચાર્ય વિદ્યામંડનસૂરિજીના વરદ હસ્તે મૂળનાયક તરીકે આદિનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. આ ઉપરાંત શ્રી શત્રુંજયના પર્વતના અન્ય શિખર ઉપર વિ.સં. ૧૬૭૫ થી ૧૯૨૧ / ઇ.સન્. ૧૬૧૯ થી ૧૮૬૫ના બસો છેતાલીસ વરસ દરમ્યાન જુદા જુદા સ્વનામધન્ય શ્રેષ્ઠીવર્યો દ્વારા નવ ટૂકના રૂપે મહાન દેરાસરોના પણ નિર્માણ થયા.

૧૩મી સદીમાં તત્કાલીન ગુજરાતના મહામંત્રી વસ્તુપાલ તથા

મહાસેનાપતિ તેજપાલે ઉપર જવાનો રસ્તો બનાવેલો. ૬૦ વરસ પહેલા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા નવનિર્મિત પત્થરોના ઉપયોગથી વ્યવસ્થીત ૩૫૦૧ જેટલા પગથિયા બનાવીને સુંદર-સરળ રસ્તાનું નિર્માણ થયું. રામપોળ, સગાળપોળ, વાઘણપોળ, હાથીપોલ, રતનપોળ વગેરે પોળો તથા ઘેટીની પાગનો રસ્તો વગેરેનું નવનિર્માણ સુંદર કલાત્મક પત્થરો દ્વારા પણ આજ ગાળામાં થયું છે.

આ શાશ્વત મહાતીર્થભૂમિની સ્પર્શના કરવા પ્રતિવર્ષ અંદાજે ૫ લાખ જેટલા ભાઈ બહેનો દેશ વિદેશથી આવે છે. વૈશાખ વદ-૬ના દિવસે આ તીર્થની વરસગાંઠ ધામધૂમથી ઉજવાય છે.

અંદાજે ઇ.સન્ ૧૭૩૬થી અમદાવાદની જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આ તીર્થનો વહીવટ સંભાળે છે.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી,

રજની શાંતિમાર્ગ, પાલીતાણા - ૩૬૪૨૭૦

ફોન નં. ૦૨૮૪૮/૨૫૩૬૫૬

મો. ૯૪૨૮૦૦૦૬૧૫

# ગિરનાર તીર્થ

ગિરનાર પર્વતના ૩૮૦૦ પગથિયા ચઢ્યા પછી શ્રી નેમનાથની ટૂંકના નામે ઓળખાતા સુંદર અને કલાત્મક પ્રાચીન શ્વેતાંબર જૈન મંદિરોનો મનમોહન સમૂહ દ્રષ્ટિગોચર થાય છે. આમાં વિ.સં. ૧૧૮૫, ઇ.સ. ૧૧૨૯માં સૌરાષ્ટ્રના દંડનાયક સજ્જન મંત્રી દ્વારા જિર્ણોદ્ધારિત જૈન ધર્મના ૨૨મી તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથના ભવ્ય જિનાલય ઉપરાંત જુદી જુદી ટૂકોના નામે ઓળખાતા શ્વેતાંબર પરંપરાના ૧૭ ભવ્ય દેરાસરો શોભી રહ્યા છે.

૧. શ્રી નેમનાથજીની ટૂંક (મૂળનાયક - શ્રી નેમિનાથ ભગવાન)
૨. જગમાલ ગોરધનનું જિનાલય (મૂળનાયક - શ્રી આદિનાથ ભગવાન)
૩. મેરકવશીની ટૂંક (મૂળનાયક - સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન)
૪. પંચમેરૂનું જિનાલય (મૂળનાયક - શ્રી ઋષભદેવ ભગવાન)
૫. અદબદજીનું જિનાલય (મૂળનાયક - શ્રી ઋષભદેવ ભગવાન)
૬. સગરામ સોનીની ટૂંક (મૂળનાયક - સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન)
૭. કુમારપાળની ટૂંક (મૂળનાયક - અભિનંદનસ્વામી)
૮. શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનાલય (મૂળનાયક - શ્રી ચંદ્રપ્રભસ્વામી)
૯. માનસંગ ભોજરાજનું જિનાલય (મૂળનાયક - શ્રી સંભવનાથ ભગવાન)
૧૦. વસ્તુપાલ તેજપાલનું જિનાલય (મૂળનાયક - શ્રી શામળા પાર્શ્વનાથ)
૧૧. ગુમાસ્તાનું દેરાસર (મૂળનાયક - શ્રી સંભવનાથ ભગવાન)
૧૨. સંપ્રતિરાજાની ટૂંક (મૂળનાયક - શ્રી નેમિનાથ ભગવાન)
૧૩. જ્ઞાનવાવનું જિનાલય (મૂળનાયક - શ્રી સંભવનાથ ભગવાન)
૧૪. શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય (મૂળનાયક - શ્રી શાંતિનાથ)
૧૫. મલ્લવાળુ દેરાસર (મૂળનાયક - શ્રી શાંતિનાથ ભગવાન)

૧૬. ચૌમુખજીનું દેરાસર (મૂળનાયક - શ્રી નેમિનાથ ભગવાન)
૧૭. રહનેમિનું જિનાલય (મૂળનાયક સિદ્ધાત્મા રહનેમિજી)

આ ઉપરાંત નીચેના સ્થળો પણ ટૂંક તરીકે ઓળખાય છે.

● અંબાજીની ટૂંક (અંબાજી) ● ગોરખનાથની ટૂંક ● ઓઘડ ટૂંક
● મોક્ષ કલ્યાણક ટૂંક ● કાલિકા ટૂંક ● સમવસરણ મંદિર

તમામ દેરાસરો ઇ.સં. ૧૧૨૯ થી ઇ.સ. ૧૮૭૮ દરમ્યાન નિર્માણ પામેલા છે. તીર્થંકર ભગવાન શ્રી નેમનાથના ૩ કલ્યાણકો (દીક્ષા - કૈવલ્યજ્ઞાન તથા નિર્વાણ)ની ભૂમિ સહસ્ર આમ્રવન (હજારો આંબાઓનું ઉપવન) સહસાવન નામે ઓળખાતા ગીચ જંગલ વિસ્તારમાં મંગલ સમાન વિશાળ જિનમંદિર તથા નેમનાથ પ્રભુના ૨ કલ્યાણકના પગલાવાળી દેરીઓ છે. તીર્થની તળેટીમાં યાત્રિકોની સગવડતા માટે અનેક ધર્મશાળાઓ તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

પ્રતિવર્ષ હજારોની સંખ્યામાં લોકો દર્શન, પૂજન તથા તીર્થસ્પર્શન કરવા આવતા હોય છે. આ તમામ સ્થળોની વ્યવસ્થા દેવચંદ લક્ષ્મીચંદ પેઢીના નામે શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ સંભાળે છે.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી
શેઠ દેવચંદ લક્ષ્મીચંદ, ઉપરકોટ બાબુનો વંડો,
જગમાલ ચોક, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.
ફોન નં. (૦૨૮૫) ૨૬૨૦૦૫૯

# તારંગા તીર્થ

ગુજરાતમાં પહાડ પરના તીર્થોમાં તારંગા વિશિષ્ઠ તીર્થસ્થળ છે.

તેરમાં સૌકામાં તારંગાગિરિ ઉપર બંધાયેલો બાવન દેવકુલિકાવાળો ઉત્તુંગ દેવપ્રસાદ આજે પણ જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ અને ગુર્જરનરેશ કુમારપાલની લગભગ ૮૦૦ વર્ષ પહેલાંની કીર્તિ ગાથા સંભળાવતો અડગ ઉભો છે, પહાડ પર શ્વેતાંબરોનાં ૫ મંદિરો અને ૩ ટૂંકો તથા અન્ય દેરીઓ છે. પાંચ શ્વેતાંબર મંદિરોમાં શ્રી અજિતનાથ ભગવાનનું મંદિર વિશાળ ચોકથી ઘેરાયેલું ઉન્નત અને વિશાળ છે.

સં. ૧૪૭૯માં ઇડરનાં રહેવાસી શ્રેષ્ઠિ સંઘવી ગોવિંદે આ તીર્થોનો ઉદ્ધાર કરાવ્યો તથા પોતાના ભાર્યા જાયલદે સહિત સમગ્ર પરિવારના કલ્યાણ માટે શ્રી અજિતનાથ ભગવાનની મૂર્તિ ભરાવી અને આચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીના હાથે પ્રતિષ્ઠા કરાવી.

મંદિરની પૂર્વદિશાના દરવાજા પાસે હાથ તરફ એક દેરીમાં શ્રી અજિતનાથ ભગવાનની ચરણ-પાદુકા છે. એક દેરીમાં પ્રાચીન પાષાણના ઘડેલા ચૌમુખજી છે. તેની પાસે ચૌમુખજીનું શિખરબંધી મંદિર છે. તેમાં ચૌમુખ મૂર્તિઓ છે. આની સમીપમાં વિ.સં. ૧૮૭૩માં શ્રી સંઘ દ્વારા નિર્મિત સહસ્રકૂટ મંદિર છે. આ મંદિરના ચારે ખૂણામાં આરસની વિવિધ રચના કરેલી છે. સહસ્રકૂટ મંદિરની પાસે જ નંદીશ્વરદ્વીપની રચનાનું શિખરબંધી મોટું મંદિર છે.

નંદીશ્વરદ્વીપનું મંદિર વિ.સં. ૧૮૮૦માં શ્રી સંઘે બંધાવ્યું છે. મુખ્ય મંદિરની પાછળ શ્રી કુંથુનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર છે. પાસેના એક વિશાળ ચોતરા ઉપર દેરીઓમાં ચરણપાદુકાઓ સ્થાપિત કરેલા છે.

ટીંબાના જૈન સંઘ તથા તારંગાજી જૈન શ્વેતાંબર તીર્થ કમિટિએ વિ.સં. ૧૯૭૭ (ઇ.સ. ૧૯૨૧)માં આણંદજી કલ્યાણજી પેઢીને વહીવટ

સોંપ્યો. ઈ.સ. ૧૯૬૩માં પેઢી તરફથી આ તીર્થના જિનાલયોનો સર્વાંગી જિર્ણોદ્ધાર પ્રારંભાયો, ૧૩ વર્ષ સુધી ચાલેલા જિર્ણોદ્ધાર કાર્યમાં ૧૫ લાખ રૂપિયાનો વ્યય થયો.

**તારંગા તીર્થની ટૂંકો રૂપે નિમ્ન ત્રણ સ્થાનો જાણીતા છે.**

**કોટિશિલા (ટૂંક-૧) :** પહાડની ઉંચી ટેકરી ઉપર એક વિશાળ શિલા ઉપર આ સ્થાન બનેલું છે. અહીં કરોડો મુનિઓ સાધના કરી મુક્ત થયા હતા, તેવી માન્યતા છે. તેથી તેનું નામ ક્રોડશિલા-કોટિશિલા કહેવામાં આવે છે. એક મોટો ચોતરા ઉપર વચ્ચે મોટી દેરીમાં ચૌમુખજી તરીકે પાર્શ્વનાથ ભગવાનની ચતુર્મુખ પ્રતિમાઓ છે અને વીસ વિહારમાન જિન ચરણપાદુકા છે.

**સિદ્ધશિલા (ટૂંક-૨) :** મુખ્ય મંદિરથી દક્ષિણ-પશ્ચિમના વાયવ્ય કોણમાં એક ટેકરી ઉભી છે જે "સિદ્ધશિલા" તરીકે ઓળખાય છે. આ ટેકરી પરની શ્વેતાંબર દેરીમાં ચૌમુખજીની ચાર પ્રતિમાઓ છે. તેના ઉપર સં. ૧૮૩૬નો લેખ છે.

**મોક્ષ(પુણ્ય) બારી (ટૂંક-૩) :** મુખ્ય મંદિરથી પૂર્વ દિશામાં અડધો માઈલના અંતરે એક શિખરની ટોચ ઉપર દેરી બનાવેલી છે. આ સ્થાનને "પુણ્યબારી" અથવા "મોક્ષબારી" પણ કહેવામાં આવે છે. દેરીમાં શ્રી અજિતનાથ ભગવાન વગેરેની ચરણપાદુકા છે.

વ્યવસ્થાથી સુસજ્જ ૪ ધર્મશાળાઓ તથા ભોજનશાળા વગેરેની સુંદર સગવડ છે.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી (શ્રી તારંગા તીર્થ)

મુ.પો. તારંગા - ૩૮૪૩૫૦ જિ. મહેસાણા.

ફોન નં. (૦૨૭૬૧) ૨૯૫૦૭૧ મો.૯૪૨૮૦૦૦૬૧૨

# શ્રી શેરીસા મહાતીર્થ

વિ.સં. ૧૩૮૯માં રચાયેલા ગ્રંથવિવિધ તીર્થકલ્પ (કર્તા આચાર્ય જિનપ્રભસૂરિજી)ના વિવરણ પ્રમાણે બારમી સદીમાં શેરી તીર્થની સ્થાપના આચાર્ય ભગવંત દેવેન્દ્રસૂરિજીના વરદ હસ્તે થઈ હતી. ગૂર્જરેશ્વર કુમારપાળ, મહામંત્રી વસ્તુપાલ-તેજપાલ વગેરેએ અહીંના દેરાસરમાં જિનપ્રતિમાઓ બિરાજમાન કરી હતી. પ્રાચીન સ્તવનો, ચૈત્યપરિપાટીઓ પ્રમાણે ચૌદમાં સૈકાથી સોળમાં સૌકા સુધી આ તીર્થની જાહોજલાલી વિસ્તરેલી હતી. ત્યારબાદ કોઈપણ કારણસર નગર અને તીર્થ ધ્વંસ પામ્યા પણ પ્રતિમાજી-મૂર્તિઓ જમીનમાં ભંડારી દેવાથી સુરક્ષિત રહી.

વિ.સં. ૧૯૫૦ આસપાસ અહીંની જમીનમાંથી ઘણીબધી જિન પ્રતિમાઓ નિકળી જેમાં પાર્શ્વનાથ ભગવાનની બે મોટી પ્રતિમાઓ પણ નીકળી આ બધી પ્રતિમાઓને સાચવીને રખાઈ.

પૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ અહીં પધાર્યા અને એમણે અમદાવાદના શ્રેષ્ઠી સારાભાઈ ડાહ્યાભાઈને ઉપદેશ આપીને આ તીર્થના જિર્ણોદ્ધારની પ્રેરણા કરી. શેઠશ્રી સારાભાઈએ શ્રી શેરીસાતીર્થના જિર્ણોદ્ધારનું કાર્ય ઉપાડ્યું. હાલના શિખરબંધી જિનાલયના નિર્માણમાં એ જમાનામાં એમણે ત્રણ લાખથી વધારે રૂપિયાનો સદ્વ્યય કર્યો.

સંવત ૧૯૮૮ના મહાસુદી-૬ને દિવસે તે મૂર્તિઓનો મંદિરમાં પરોણા દાખલ પ્રવેશ કરવામાં આવ્યા હતા. આ જિનાલય તૈયાર થયા પછી વિ.સં. ૨૦૦૨ (ઇ.સ.-૧૯૪૬)માં વૈશાખ સુદી-૧૦ના દિવસે પરમ પૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજ આદિની પવિત્ર નિશ્રામાં ઉલ્લાસપૂર્વક પ્રાચીનમાંથી નવીન બનેલ આ જિનાલયમાં

મૂળનાયક ભગવાન તરીકે શ્રી શેરીસા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી હતી.

શેરીસાના મુખ્ય પ્રાસાદની નીચેના ભોંયરામાં લોઢણ પાર્શ્વનાથ અને કેશરિયાજી આદીશ્વર ભગવાનની વિશાળ પણ મનોહારી પ્રતિમાના સાંનિધ્યમાં ધ્યાનની તાલી અનાયાસે લાગી જાય છે.

આ તીર્થમાં પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ઉપાશ્રય તથા આવનાર યાત્રિક ભાઈ-બહેનોની સગવડતા માટે સુવિધાસંપન્ન ૧૨ બ્લોક તથા ૧૮ સેમી બ્લોકવાળી ધર્મશાળા પણ છે.

તીર્થમાં ભોજનશાળાની સગવડતા છે. જેનો વહીવટ સ્વતંત્ર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

વિ.સં. ૨૦૫૭ જેઠ સુદ-૩, ૨૫/૦૫/૨૦૦૧ના રોજ મુખ્ય જિનાલયના જમણી-ડાબીબાજુ સુંદર નયનરમ્ય દેરીઓ બનાવીને તેમાં જિન શાસન અધિષ્ઠાયક મણીભદ્ર યક્ષરાજ તથા શ્રુત અધિષ્ઠાયિકા સરસ્વતી દેવીની મૂર્તિઓ બિરાજમાન કરવામાં આવી. અહીં પદ્માવતી દેવી તથા અંબિકા દેવીની મૂર્તિઓ દેરાસરના રંગમંડપના બહારના ભાગમાં પહેલેથી બિરાજમાન છે.

આ તીર્થની વર્ષગાંઠ વૈશાખ સુદ-૧૦ના દિવસે ઉજવાય છે.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી

મુ.પો. શેરીસા-૩૮૨ ૭૨૧. જિ. ગાંધીનગર.

ફોન નં. : (૦૨૭૬૪) ૨૫૦૧૨૬

# શેરિસાનું સમીપવર્તી વામજ તીર્થ

અમદાવાદથી આશરે ૩૫ કિ.મી. અને કલોલથી ૬ કિ.મી. દૂર વામજ ગામ છે. શેરિસા તીર્થ થી ૧૦ કિલોમીટરના અંતરે આવેલું આ વામજ તીર્થ શેરિસાના જોડીયા તીર્થ તરીકે પ્રસિદ્ધ છે. આ તીર્થમાં મૂળનાયક પરમાત્મા આદીશ્વર ભગવાન છે. આ પ્રતિમાજી પ્રાચીન છે. ગામમાં ત્રિભોવન કણબીના ઘર પાસેથી ખોદતા સંવત ૧૯૭૯ના માગશર વદી-૫ને શનિવારે પ્રતિમાજી નિકળ્યા હતા. આ પ્રતિમાજી સંપ્રતિ મહારાજાનું વખતનું હોવાનું મનાય છે. આ સાથે ચાર કાઉસ્ગ્ગીયા, બે ઇન્દ્રાણી દેવીની મૂર્તિ, બે ખંડિત ઇન્દ્રની મૂર્તિ પણ મળી આવી હતી. કહેવાય છે કે, પૂર્વે અહીં ભવ્ય જિનાલય હતું. મોગલોના આક્રમણને કારણે અન્ય તીર્થોનો વિનાશ થયો તેવી રીતે આ તીર્થનો પણ વિનાશ થયો અને બધું જ ધ્વસ્ત થઈ ગયું. પૂર્વના જિનાલયના કેટલાંક અંશો જેવા કે પરિકર તથા મૂર્તિના ભાગો વામજના જ એક મંદિરમાં છે.

સંવત ૧૯૯૬ (ઈસ્વીસન્ ૧૯૪૦) વામજ ગામમાં શેઠશ્રી ડાહ્યાભાઈ કપૂરચંદ ઝવેરીએ નવું દેરાસર નિર્માણ કરાવવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ આ તીર્થનો વહીવટ પેઢીને સોંપવામાં આવ્યો હતો. નૂતન જિનાલયમાં વિક્રમસંવત ૨૦૦૨ (ઈસ્વીસન્ ૧૯૪૬) માં વૈશાખ વદિ ૧૩ને દિવસે આચાર્યશ્રી વિજયઉદયસૂરિજી મહારાજસાહેબના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી

મુ.પો. વામજ (વાયા કલોલ), શેરિસા-૩૮૨ ૭૨૧, જિ. ગાંધીનગર

ફોન નં. : (૦૨૭૬૪) ૨૫૦૧૨૬

# પ્રાચીન તીર્થ કુંભારિયાજી

ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામ અંબાજીથી ૨ કિલોમીટર દૂર કુંભારિયા ગામ વસેલું છે. સત્તરમી સદી શિલાલેખોમાં તથા ચૈત્ય પરિપાટીઓમાં આ ગામ 'આરાસણ'ના નામે પ્રસિદ્ધ હતું. આરાસણગ્રામની સ્થાપના મોટે ભાગે તો ૧૫માં શતકના દ્વિતીય ચરણમાં આરંભમાં થઈ હશે.

થોડી ઘણી વસ્તી અને અન્ય દેવાલયો તથા ધર્મસ્થાનોના ધબકતા આ પ્રદેશમાં ૫ જિનમંદિરો એક જ સંકુલમાં છે. ૧૧મી સદીના પૂર્વાર્ધમાં મંત્રીશ્વર વિમલ દ્વારા મંદિર બંધાયા પછી અહીં ૧૧મી સદીના ઉત્તરાર્ધથી લઈ ૧૩મા શતકના પૂર્વાર્ધ સુધીમાં આરસના અન્ય ચાર મંદિરો બંધાયાં છે. ચૈત્યપરિપાટીઓ, તીર્થમાળાઓ વગેરેમાં અહીંના મંદિરો મંત્રી વિમલશાહે બંધાવ્યાનો ઇતિહાસ મળે છે.

આરાસણમાં પ્રવેશતાં ઉત્તર-દક્ષિણ રસ્તાને અંતે સૌથી પહેલાં ભગવાન નેમિનાથનું મહામંદિર નજરે પડે છે. નેમિનાથના ભવનથી ઠીક ઠીક ઈશાનમાં અત્યારે શાંતિનાથનું મંદિર આવે છે. પ્રસ્તુત મંદિરથી અગ્નિકોણમાં મહાવીર સ્વામીનું મંદિર છે, અને તેની બાજુમાં અગ્નિકોણમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. જયારે સંભવનાથનું મંદિર જરા દૂર, કંઈક વાયવ્ય કોણમાં આવેલું છે.

આ પાંચે મંદિરો ઉત્તરાભિમુખ છે, આલીશાન અને ઐતિહાસિક છે. એની સ્થાપત્ય કળા આજે પણ દર્શનાર્થીઓને આબુ પરના દેલવાડાનાં મંદિરો જેટલી જ મુગ્ધ બનાવે છે.

સંવત ૧૯૫૭ (ઈ.સ. ૧૯૦૧)માં અહીં યાત્રાળુઓ માટે ધર્મશાળા બની હતી. આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી અહીં પધાર્યા અને તેમની પ્રેરણાથી સંવત-૧૯૭૬ (ઇ.સ. ૧૯૨૦)માં દાંતા શ્રીસંઘે કુંભારિયાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીને સોંપી દીધો. ઈ.સ. ૧૯૨૧ની આસપાસ જિર્ણોદ્ધારનું કામ શરૂ થયું. આ કામ ત્રણ વર્ષ સુધી સતત ચાલ્યું. અને તેમાં તેર લાખ રૂપિયાનો ખર્ચ થયો.

હાલમાં આ તીર્થમાં ૨ ધર્મશાળાઓ છે. એક ધર્મશાળામાં ૮ મોટા બ્લોક છે. અન્ય ધર્મશાળામાં ૧૬ સેમી બ્લોક છે.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી, (શ્રી કુંભારીયાજી તીર્થ)
મુ.પો. અંબાજી - ૩૮૫૧૧૦ વાયાઃ-પાલનપુર (ગુજરાત)
ફોન નં. ૦૨૭૪૯/૨૬૨૧૭૮

# પ્રાકૃતિક સૌંદર્ય સાથે કલા તથા ભક્તિનું સંગમસ્થાન

# રાણકપુર તીર્થ

અરાવલ્લી ગિરિમાળમાં નાની ટેકરીઓમા શાંત, એકાંત તથા નિર્જન અરણ્ય પ્રકૃતિના આ ત્રિવિધ સૌંદર્ય વચ્ચે વહેતી નાનકડી મઘાઈ નદીને કિનારે સ્થિત આ તીર્થનો ઇતિહાસ વિ.સં. ૧૪૪૬થી પ્રારંભ થાય છે. આ મંદિરનું નિર્માણ નાન્દિયાના નિવાસી પ્રાગ્વટવંશી શેઠ કુંવરપાળ અને શેઠાણી કામલદેના ભાગ્યવાન પુત્ર રત્નાશાહના મોટા ભાઈ તથા શ્રી રાણાકુંભાના મંત્રી શ્રી ધરણશાહ દ્વારા વિ.સં. ૧૪૪૬માં કરવામાં આવ્યું. દેપા નામના દીપ્તિમાન શિલ્પીના આયોજન હેઠળ ૪૬ વરસ સુધી ચાલેલા નિર્માણ-કાર્યના અંતે 'નલિની ગુલ્મ દેવ વિમાન' તુલ્ય ગગનચુંબી ધરણવિહાર જિનાલયની પ્રતિષ્ઠા તત્કાલીન યુગપ્રધાન આચાર્યશ્રી સોમસુંદરસૂરિશ્વરજીના સુહસ્તે ૫૦૦થી વધારે સાધુ-સાધ્વીજીની નિશ્રા તથા અસંખ્ય જનસમુદાયની હાજરી વચ્ચે ભવ્ય મહોત્સવ પૂર્વક વિ.સં. ૧૪૯૬માં હર્ષોલ્લાસપૂર્વક થઈ હતી. આ મંદિરના નિર્માણ કાર્યમાં ૯૯ લાખ રૂપિયા ખર્ચાયા હતા.

આ મંદિરને ચાર દ્વારો છે. મંદિરના મૂળ ગર્ભગૃહમાં ભગવાન આદિનાથની ૭૨ ઇંચ ઉંચી ચાર દિશાઓમાં વિરાજમાન ચતુર્મુખ પ્રતિમાથી આ ગર્ભગૃહ દીપે છે. બીજે અને ત્રીજે માળે પણ આ પ્રકારે ચાર ચાર જિન પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. આથી આને ચતુર્મુખ જિનપ્રાસાદ પણ કહે છે.

૭૬ શિખરબંધ નાની દેવકુલિકાઓ, રંગમંડપ તથા શિખરોથી જોડાયેલ ચાર મોટી દેવકુલિકાઓ અને ચાર દિશાઓમાં ચાર મહાધર પ્રાસાદ આમ કુલ ચોરાસી દેવકુલિકાઓ છે.

ચાર દિશાઓમાં આવેલ ચાર મેઘનાદ મંડપો ઝીણી ઝીણી કોતરણીથી સુશોભિત લગભગ ૪૦ ફૂટ ઉંચા સ્તંભો, સુંદર તોરણો, ગુંબજમાં કોતરણી મુગ્ધ કરી દે છે. આ મંદિરમાં ગર્ભગૃહની ડાબી તરફ સહસ્રફણા પાર્શ્વનાથ

તથા સહસ્રકૂટના કલાપૂર્ણ શિલાપટ શિલ્પકળાના શ્રેષ્ઠ પ્રતિકો છે.

મંદિરની સહુથી અદ્વિતીય વિશેષતા એની વિપુલ સ્તંભાવલી છે. કુલ ૧૪૪૪ સ્તંભો છે. શિલ્પીઓએ સ્તંભોની સજાવટ એવા વ્યવસ્થિત ઢંગે કરેલ છે કે મંદિરના કોઈપણ ખૂણામાં ઉભેલ ભક્તો પ્રભુના દર્શન કરી શકે છે. મેઘનાથ મંડપમાં ડાબા હાથના એક સ્તંભ પર મંત્રીશ્રી ધરણાશા તથા સ્થપતિ દેવાની પ્રભુની સામે બનાવેલી આકૃતિઓમાં વીતેલું અતીત આજે પણ આકાર લે છે. આ મંદિરની ઉત્તર તરફ રાયણ વૃક્ષ તથા ભગવાન આદિનાથનાં ચરણચિન્હો છે.

વિ.સં. ૧૬૭૯માં જીર્ણ-શીર્ણ બનેલા આ જિનાલયનો જિર્ણોદ્ધાર ધરણાશાહના વંશજોએ કરાવ્યો.

ઈ.સન્ ૧૯૩૬માં પેઢી દ્વારા રાણકપુર તીર્થનો સર્વાંગીણ જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો અને ઈ.સન્ ૧૯૫૩માં શાસન સમ્રાટ સમુદાયના આચાર્યદેવશ્રી ઉદયસૂરિજી, નંદનસૂરિશ્વરજીની નિશ્રામાં પુનઃપ્રતિષ્ઠા થઈ.

આ મંદિર ઉપરાંત અહીં શ્રી નેમિનાથ ભગવાન તથા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર પણ શિલ્પકલા માટે અદ્વિતીય સ્થાન ધરાવે છે.

**"આબુની કોતરણી અને રાણકપુરની બાંધણી"** એવી કહેવત પણ પ્રચલિત થઈ. રાણકપુર જવા અને જોવા માટે કહેવાય છે કે **"કટકું બટકું ખાજે પણ રાણકપુર જાજે !!"**

તીર્થ-સંકુલમાં રહેવા માટે દરેક પ્રકારની સગવડતાવાળી અનેક ધર્મશાળાઓ છે તથા ભોજનશાળાની સગવડતા છે.

**તીર્થનું સરનામું :**

શેઠ આણંદજી કલ્યાણજી, રાણકપુર, મુ.પો. સાદડી-૩૦૬ ૭૦૨

ફોન નં. (૦૨૯૩૪) ૨૮૫૦૨૧

# મૂછાળા મહાવીર તીર્થ

આસ્થા અને ભક્તિના સંગમ સ્વરૂપ મૂછાળા મહાવીર નામનું તીર્થ સુપ્રસિદ્ધ છે.

આ તીર્થ ઘાણેરાવથી ૫ કિ.મી.ના અંતરે અને સાદડીથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલું છે. જિનમંદિરમાં મૂળનાયક પરમાત્મા મહાવીર સ્વામી બિરાજમાન છે. ભમતીમા રહેલી ચોવીસ દેરીમાં કુલ મળીને ૫૪ જિન પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરવામાં આવેલી હતી. હાલમાં આ દેરીઓનો જિર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. આ જિનમંદિરમાં કોઈ પ્રાચીન લેખો ઉપલબ્ધ થતા નથી. છતાંય મૂર્તિની પ્રાચીનતા પ્રત્યક્ષ અનુભવાય છે. મૂળનાયક મહાવીરસ્વામી ભગવાન મૂછાળા મહાવીર તરીકે સુપ્રસિદ્ધ છે તેની પાછળ એક દંતકથા છે.

નવણજળમાં દેખાયેલા વાળના કારણે કુંભલગઢના રાણાએ 'ભગવાન મૂછાળા છે કે શું ?' એવું મહેણું ઉચ્ચારતા પૂજારીના તપના પ્રભાવે અધિષ્ઠાયક દેવે રાણાજીને મૂછોવાળી પ્રતિમાના દર્શન કરાવ્યા. રાણાએ ખાતરી કરવા માટે પ્રતિમાની મૂછનો વાળ તોડ્યો તો દૂધની ધારા ફૂટી. પરમાત્માની આવી અદ્દભૂત પ્રતિમાના ચમત્કારથી લોકમાં આ તીર્થ મૂછાળા મહાવીર તરીકે પ્રસિદ્ધ થયું.

આ તીર્થના અધિષ્ઠાયક દેવ પ્રગટ પ્રભાવી છે અને લોકોની માનતા પરિપૂર્ણ કરે છે તેવી આસ્થા અહીંના લોકોમાં વ્યાપક છે. અહીં કારતક વદ એકમનો તથા ચૈત્ર સુદ તેરસનો મેળો ભરાય છે. આ સમયે હજારો લોકો અહીં પરમાત્માના દર્શને આવે છે.

આ તીર્થની આજુબાજુ જંગલ છે. રમણીય કુદરતી વાતાવરણ છે. સમસ્ત ઘાણેરાવ સંઘના અગ્રણીઓએ ૧૯૬૨માં આ તીર્થનો વહીવટ તા. ૪-૫-૧૯૬૪ના દિવસે આણંદજી કલ્યાણજી પેઢીને સોપ્યો ત્યારથી પેઢી દ્વારા તીર્થમાં દેરાસર, ધર્મશાળા, ભોજનશાળા વગેરેની સુચારૂ વ્યવસ્થા કરવામાં આવે છે.

### તીર્થનું સરનામું :

શેઠ આણંદજી કલ્યાણજી (શ્રી મૂછાળા મહાવીર તીર્થ)

મુ.પો. ઘાણેરાવ-૩૦૬૭૦૪ (રાજસ્થાન) ફોન નં. ૦૨૯૩૪/૨૮૪૦૫૬

# મક્ષીજી તીર્થ (મક્ષી પાર્શ્વનાથ)

મધ્યપ્રદેશ ઉજ્જૈનથી પૂર્વમાં ૪૦ કિ.મી. દૂર શાજાપુર જિલ્લામાં મક્ષી ગામ છે. અહીં શ્વેતાંબર પરંપરાનું મક્ષી પાર્શ્વનાથનું વિશાળ ગગનચુંબી ભવ્ય દેરાસર છે.

આ દેરાસરના મૂળ નિર્માતા માંડવગઢ રાજ્યના તત્કાલીન કોશાધ્યક્ષ સંગ્રામ સોનીએ વિક્રમસંવત ૧૪૭૨માં (ઇ.સ. ૧૪૧૬)માં આચાર્ય શ્રી સોમસુંદરસૂરીશ્વરજીના વરદ હસ્તે મક્ષી પાર્શ્વનાથની પાવનકારી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. વરસોના વહાણા વાતાં દેરાસર જીર્ણશીર્ણ બન્યું. ત્યારે લાખ્ખો રૂપિયા ખર્ચીને શ્વેતાંબર જૈન સંઘે ભવ્ય મંદિર બંધાવ્યું હતું. મુખ્ય દેરાસરનું પંચોતેર ફીટ ઉંચું શિખર આ તીર્થનું મુખ્ય આકર્ષણ છે જે બે-ત્રણ કિલોમીટર દૂરથી દેખાય છે.

મૂળનાયક પરમાત્માની શ્યામવર્ણી સલૂણી મૂર્તિ અત્યંત મનોહારી, આકર્ષક અને નયનાભિરામ પ્રતીત થાય છે. મુખ્ય મંદિરની પ્રદક્ષિણા-પરિક્રમામાં સંવત-૧૪૭૨ થી સંવત-૧૯૩૮ (ઇસ્વીસન્ - ૧૮૮૧) સુધીનો ઈતિહાસ શિલાલેખોમાં સચવાયેલો છે.

વિ.સં. ૧૯૭૮, ઇ.સ. ૧૯૨૧માં શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે મક્ષીતીર્થનો વહીવટ વિધિવત્ સંભાળ્યો. ૧૯૬૫માં દેરાસરના શિખરના જિર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભાયું.સન્ - ૧૯૭૫માં પેઢીના અધ્યક્ષ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના વરદ્ હસ્તે તીર્થ ખાતે નવનિર્મિત ભોજનશાળાનું તથા ૧૯૭૯માં નૂતન ધર્મશાળાનું ઉદ્ઘાટન થયું.

### તીર્થનું સરનામું :

શેઠ આણંદજી કલ્યાણજી (શ્રી મક્ષીજી તીર્થ)
મુ.પો. મક્ષીજી - ૪૬૫ ૧૦૬ જિ. શાજાપુર (મધ્યપ્રદેશ)
ફોન નં. ૦૭૩૬૩/૨૩૩૦૩૭-૨૩૩૩૩૮

## શ્રી શત્રુંજય તીર્થ સ્તુતિ

પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્ દૃૢઁમયં
રુપાતીર્થમયં સ્વરુપ રમણં સ્વાભાવિકી શ્રીમયં
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં સ્યાદ્વાદ વિદ્યાલયમ્
શ્રી સિદ્ધાચલ તીર્થરાજમનિશં વંદેહમાદીશ્વરમ્ ॥૧॥

## શ્રી આદિનાથ જિન સ્તુતિ

આદિમં પૃથ્વીનાથમાદિમં નિષ્પરિગ્રહમ્ ।
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ ॥૧॥

## શ્રી અજિતનાથ જિન સ્તુતિ

અર્હન્તમજિતં વિશ્વકમલાકર ભાસ્કરમ્ ।
અમ્લાન કેવલાદર્શસંક્રાન્ત જગતં સ્તુવે ॥૧॥

## શ્રી નેમિનાથ જિન સ્તુતિ

યદુવંશસમુદ્રેન્દુઃ, કર્મકક્ષહુતાશનઃ
અરિષ્ટનેમિર્ભગવાન, ભૂયાદ વો રિષ્ટનાશનઃ ॥૧॥

## શ્રી નેમિનાથ જિન સ્તુતિ

ઉર્જિંજતસેલ-સિહરે દિક્ખા નાણં નિસીહિયા જસ્સ
તં ધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ ॥૧॥

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ

કમઠે ધરણેન્દ્ર ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેસ્તુ વઃ ॥૧॥

## શ્રી મહાવીર જિન સ્તુતિ

શ્રીમતે વીરનાથાય સનાથાયાદ્ભૂતશ્રિયઃ
મહાનંદ સરોરાજ મરાલાયાર્હતે નમઃ ॥૧॥

# શ્રી નમસ્કાર મહામન્ત્ર

નમો અરિહંતાણં

નમો સિદ્ધાંણ

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો

સવ્વપાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં

# શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

ઉવસગ્ગહરં પાસં,
પાસં વંદામિ કમ્મ-ઘણ મુક્કં;
વિસહર-વિસ નિન્નાસં,
મંગલ-કલ્લાણ-આવાસં. ૧

વિસહર-ફુલિંગ-મંતં,
કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ-મારી,
દુઠ્ઠ જરા જંતિ ઉવસામં. ૨

ચિઠ્ઠઉ દૂરે મંતો,
તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;
નરતિરિએસુ વિ જીવા,
પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં. ૩

તુહ સમ્મત્તે લદ્ધે,
ચિંતામણી-કપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં,
જીવા અયરામરં ઠાણં. ૪

ઈઅ સંથુઓ મહાયસ !
ભત્તિબ્ભર-નિબ્ભરેણ-હિયએણ;
તા દેવ દિજ્જ બોહિં,
ભવે ભવે પાસ જિણચંદ ! ૫

# શ્રી ભક્તામર સ્તોત્ર

ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા-
મુદ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્
સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-
વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ્ ૧

યઃ સંસ્તુતઃ સકલ-વાઙ્મય-તત્ત્વબોધા-
દદ્ભૂત-બુદ્ધિ પટુભિઃ સુરલોક-નાથૈઃ
સ્તોત્રૈર્જગત્ ત્રિતય-ચિત્ત-હરૈરુદારૈ-
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ૨

બુદ્ધયા વિનાઽપિ વિબુધાર્ચિત-પાદપીઠ !
સ્તોતું સમુદ્યત-મતિ-ર્વિગતત્રપોહમ્
બાલં વિહાય જલ-સંસ્થિતમિન્દુબિમ્બ-
મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ? ૩

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંકકાન્તાન્
કસ્તે ક્ષમઃ સુરગુરુ-પ્રતિમોપિ બુદ્ધયા ?
કલ્પાન્તકાલ - પવનોદ્ધત - નક્રચક્રં
કો વા તરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્ ? ૪

સોઽહં તથાપિ નવ ભક્તિવશાન્મુનીશ !
કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ
પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ? ૫

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ
ત્વદ્‌ભક્તિરેવ મુખરી કુરુતે બલાન્મામ્
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારુ-ચૂત-કલિકા-નિકરૈકહેતુઃ ૬
ત્વસ્તંસ્તવેન ભવ-સન્તતિ-સન્નિબદ્ધં
પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્
આક્રાન્તલોક-મલિ-નીલમશેષમાશુ
સૂર્યાંશુ ભિન્નમિવ શાર્વરમન્ધકારમ્ ૭
મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-
મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્
ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ
મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદબિન્દુઃ ૮
આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્તદોષં
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ
દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ૯
નાત્યદ્‌ભુતં ભુવન-ભૂષણ ! ભૂતનાથ !
ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિં વા
ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ૧૦
દૃષ્ટ્વા ભવન્તમનિમેષ-વિલોકનીયં
નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ
પીત્વા પયઃ શશિકરદ્યુતિ-દુગ્ધસિન્ધોઃ
ક્ષાર જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ? ૧૧

યૈઃ શાન્તરાગ-રુચિભિઃ પરમાણુભિસ્ત્વં
નિર્માપિતસ્ત્રિભુવનૈક - લાલમભૂત !
તાવન્ત એવ ખલુ તેપ્યણવઃ પૃથિવ્યાં
યત્તે સમાનમપરં ન હિ રૂપમસ્તિ ૧૨

વક્ત્રં ક્વ તે સુર-નરોરગ-નેત્રહારિ ?
નિઃશેષ - નિર્જિત - જગત્ત્રિતયોપમાનમ્
બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય ?
યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્ ૧૩

સંપૂર્ણ - મંડલ - શશાંક - કલાકલાપ
શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર ! નાથમેકં
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ? ૧૪

ચિત્રં કિમત્ર ? યદિ તે ત્રિદશાંગનાભિ-
નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્
કલ્પાન્તકાલ-મરુતા ચલિતા-ચલેન
કિં મન્દરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્ ? ૧૫

નિર્ધૂમ વર્તિરપવર્જિત-તૈલપૂરઃ
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં
દીપોડપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ૧૬

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્ય:
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ
નામ્ભોધરોદર-નિરુદ્ધ મહાપ્રભાવ:
સૂર્યાતિશાયિ-મહિમાસિ મુનીન્દ્ર ! લોકે ૧૭

નિત્યોદયં દલિતમોહ-મહાન્ધકારં
ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પકાન્તિ
વિદ્યોતયજ્જગદપૂર્વ શશાંક-બિમ્બમ્ ૧૮

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા
યુષ્મન્મુખેન્દુ-દલિતેષુ તમસ્સુ નાથ !
નિષ્પન્ન-શાલિ-વન-શાલિની જીવલોકે
કાર્ય કિયજ્જલધરૈર્જલભારનમ્રૈ: ? ૧૯

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં
નૈવ તથા હરિહરાદિષુ નાયકેષુ
તેજ: સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં
નૈવં તુ કાચ-શકલે કિરણાકુલેપિ ૨૦

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ
કિં વીક્ષિતેન ભવતા ? ભુવિ યેન નાન્ય:
કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાન્તરેપિ ૨૧

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ૨૨
ત્વામામનન્તિ મનુયઃ પરમં પુમાંસ-
માદિત્યવર્ણમમલં તમસઃ પરસ્તાત્
ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું
નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પન્થાઃ ૨૩
ત્વામવ્યયં વિભુમચિન્ત્યસંખ્યમાદ્યં
બ્રહ્માણમીશ્વરમનન્તમનંગકેતુમ્
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં
જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદન્તિ સન્તઃ ૨૪
બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્
ત્વં શંકરોસિ ભુવનત્રય-શંકરત્વાત્
ધાતાસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોસિ ૨૫
તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ! ભવોદધિ-શોષણાય ૨૬
કો વિસ્મયોત્ર ? યદિ નામ ગુણૈરશેષૈ-
સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ !
દોષૈરુપાત્ત-વિવિધાશ્રય-જાતગર્વૈઃ
સ્વપ્નાન્તરેપિ ન કદાચિદપીક્ષિતોऽસિ ૨૭

ઉચ્ચૈરશોકતરુ - સંશ્રિતમુન્મયૂખ-
માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ્
સ્પષ્ટોલ્લસત્કિરણમસ્ત - તમોવિતાનં
બિમ્બં રવેરિવ પયોધર-પાર્શ્વવર્ત્તિ ૨૮
સિંહાસને મણિ-મયૂખ-શિખા-વિચિત્રે
વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્
બિમ્બં વિયદ્વિલસદંશુ-લતા-વિતાનં
તુંગોદયાદ્રિ-શિરસીવ સહસ્રરશ્મેઃ ૨૯
કુન્દાવદાત - ચલચામર - ચારુશોભં
વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્
ઉદ્યચ્છશાંક - શુચિ - નિર્ઝર - વારિધાર -
મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ૩૦
છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાન્ત-
મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત-ભાનુકર-પ્રતાપમ્
મુક્તાફલ-પ્રકર-જાલ વિવૃદ્ધ-શોભં
પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ૩૧
ઉન્નિદ્ર - હેમ - નવપંકજ પુંજકાન્તિ-
પર્યુલ્લસન્-નખ - મયૂખ - શિખાભિરામૌ
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ
પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ૩૨
ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !
ધર્મોપદેશન-વિધૌ ન તથા પરસ્ય
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા
તાદૃક્કુતો ગ્રહગણસ્ય વિકાશિનોપિ ? ૩૩

શ્ચ્યોતન્મદાવિલ - વિલોલ - કપોલમૂલ -
મત્ત-ભ્રમદ્-ભ્રમર-નાદ - વિવૃદ્ધકોપમ્
ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં
દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ૩૪

ભિન્નેભ-કુંભ-ગલદુજ્જવલ-શોણિતાક્ત-
મુક્તાફલ - પ્રકર-ભૂષિત - ભૂમિભાગઃ
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ
નાક્રામતિ ક્રમયુગાચલ-સંશ્રિતં તે ૩૫

કલ્પાન્તકાલ - પવનોદ્ધત - વહ્નિકલ્પં
દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્
વિશ્વં જિઘત્સુમિવ સમ્મુખમાપતન્તં
ત્વન્નામ-કીર્ત્તન-જલં શમયત્યશેષમ્ ૩૬

રક્તેક્ષણં સમદ-કોકિલ-કંઠનીલં
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્
આક્રામતિ ક્રમ-યુગેન નિરસ્ત-શંક-
સ્ત્વન્નામ-નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ૩૭

વલ્ગત્તુરંગ - ગજગર્જિત - ભીમનાદ -
માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્
ઉદ્યદ્ દિવાકર - મયૂખ-શિખાપવિદ્ધં
ત્વત્કીર્ત્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ૩૮

કુન્તાગ્ર-ભિન્ન-ગજ-શોણિત-વારિવાહ
વેગાવતાર - તરણાતુર - યોધભીમે
યુદ્ધે જયં વિજિત-દુર્જય-જેયપક્ષા-
સ્ત્વત્પાદપંકજ-વનાશ્રયિણો લભન્તે ૩૯

અમ્ભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્રચક્ર-
પાઠીનપીઠ - ભય - દોલ્બણ - વાડવાગ્નૌ
રંગત્તરંગ - શિખર - સ્થિત - યાનપાત્રા-
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ૪૦

ઉદ્‌ભૂત-ભીષણ-જલોદર ભારભુગ્નાઃ
શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત-જીવિતાશાઃ
ત્વત્પાદપંકજ-રજોમૃત-દિગ્ધ-દેહા
મર્ત્યા ભવન્તિ મકરધ્વજ-તુલ્યરૂપાઃ ૪૧

આપાદકંઠમુરુ - શૃંખલ - વેષ્ટિતાંગા
ગાઢં બૃહન્નિગડ-કોટિ-નિઘૃષ્ટ-જંઘાઃ
ત્વન્નામ-મન્ત્રમનિશં મનુજાઃ સ્મરન્તઃ
સદ્યઃ સ્વયં વિગત-બન્ધ-ભયા ભવન્તિ ૪૨

મત્ત-દ્વિપેન્દ્ર-મૃગરાજ-દવાનલાહિ
સંગ્રામ-વારિધિ-મહોદર-બન્ધનોત્થમ્
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ
યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ૪૩

સ્તોત્રસ્ત્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં
ભક્ત્યા મયા રુચિર-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્
ધત્તે જનો ય ઇહ કંઠગતામજસ્ત્રં
તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ૪૪

# શ્રી બૃહત્ શાંતિ સ્તોત્ર

## (૧. મન્દાક્રાન્તા છંદ)

ભો ભો ભવ્યાઃ ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવન-ગુરો-રાર્હતા ભક્તિભાજઃ,
તેષાં શાન્તિર્ભવતુ ભવતા-મર્હદાદિ પ્રભાવા-
દારોગ્ય શ્રી ધૃતિ-મતિ-કરી ક્લેશ-વિધ્વંસહેતુઃ ૧

## (૨. પીઠીકા)

ભો ભો ભવ્યલોકા ! ઇહ હિ ભરતૈરાવત-વિદેહસંભવનાં સમસ્ત-તીર્થ-કૃતાં જન્મન્યાસન-પ્રકમ્પાનન્તરમવધિના વિજ્ઞાય, સૌધર્માધિપાિરઃ સુઘોષાઘંટા-ચાલનાનન્તરં સકલ-સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનય-મર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ-શૃંગે, વિહિત-જન્માભિષેકઃ શાન્તિમુદ્ઘોષયતિ, યથા તતોહં કૃતાનુકારમિતિ કૃત્વા "મહાજનો યેન ગતઃ સ પન્થાઃ" ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાન્તિમુદ્ઘોષયામિ તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવા નન્તરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ૨

## (૩. શાંતિ પાઠ)

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં ભગવન્તોર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોક-નાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યાસ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ ૩

ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનન્દન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચન્દ્રપ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનન્ત-ધર્મ-શાન્તિ-કુન્થુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્દ્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા ૪

ૐ મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ૫

ૐ હ્રી શ્રી ધૃતિ-મતિ-કીર્તિ-કાન્તિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યા-સાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીત-નામનો જયન્તુ તે જિનેન્દ્રાઃ ૬

ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા-પુરુષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી-ગાન્ધારી-સર્વાસ્ત્રા -મહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ૭

ૐ આચાર્યોપાધ્યાય-પ્રભુતિ-ચાતુર્વર્ણસ્ય શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ૮

ૐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાંગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્વર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કુબેર-વાસવાદિત્ય-સ્કન્દ-વિનાયકોપેતા યે ચાન્યેપિ ગ્રામ-નગર-ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયન્તાં પ્રીયન્તાં અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતશ્ચ ભવન્તુ સ્વાહા ૯

ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિ-બંધુવર્ગ-સહિતાઃ નિત્યં ચામોદ-પ્રમોદ-કારિણઃ ૧૦

અસ્મિંશ્ચ ભૂમંડલે આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ-દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય શાન્તિર્ભવતુ ૧૧

ૐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-માંગલ્યોત્સવાઃ, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા ૧૨

### (૪. શ્રી શાંતિનાથ સ્તુતિ)

શ્રીમતે શાન્તિનાથાય નમઃ શાન્તિ-વિર્ધાયિને
ત્રૈલોક્યસ્યામરાધીશ - મુકુટાભ્ય - ર્ચિતાંઘ્રયે ૧
શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્ શાન્તિં દિશતુ મે ગુરુઃ
શાન્તિરેવ સદા તેષાં યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ૨

### (ગાથા)

ઉન્મુષ્ટ-રિષ્ટ-દુષ્ટ,-ગ્રહ-ગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ,
સંપાદિત-હિત-સંપન્- નામગ્રહણં જયતિ શાન્તેઃ ૩

### (૫. શ્રી શાંતિ ગાથા)

શ્રી સંઘ-જગજ્જનપદ, -
રાજાધિપ-રાજસન્નિવેશાનાં
ગોષ્ઠિક-પુરમુખ્યાણાં,
વ્યાહરણૈ-ર્વ્યાહરેચ્છાન્તિમ્ ૪
શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ,
શ્રીજનપદાનાં શાન્તિર્ભવતુ,
શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ,
શ્રીરાજસન્નિવેશાનાં શાન્તિર્ભવતુ,
શ્રીગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ,
શ્રીપૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ,
શ્રીપૌરજનસ્ય શાન્તિર્ભવતુ,
શ્રીબ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ

### (૬. આહુતિત્રયમ્)

ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ સ્વાહા શ્રી પાર્શ્વનાથાય સ્વાહા.

## (૭. વિધિ-પાઠ)

એષા શાન્તિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા કુંકુમ-ચન્દન-કર્પૂરાગરુ-ધૂપવાસ-કુસુમાંજલિ-સમેતઃ સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રીસંઘસમેતઃ શુચિશુચિ-વપુઃ પુષ્પ-વસ્ત્ર-ચન્દનાભરણાલંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા શાન્તિમુદ્‌ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

## (૮. પ્રાસ્તાવિક)

નૃત્યન્તિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં
સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મન્ત્રાન્
કલ્યાણભાજો હિ જિનાભિષેકે ૧

## (ગાથા)

શિવમસ્તુ સર્વજગતઃ
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ૨
અહં તિત્થયર-માયા
સિવાદેવી તુમ્હ નયર-નિવાસિની
અમ્હ સિવં તુમ્હ સિવં
અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ૩
ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ
મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે ૪
સર્વમંગલ-માંગલ્યં સર્વકલ્યાણ-કારણમ્
પ્રધાનં સર્વધર્માણં જૈન જયતિ શાસનમ્ ૫

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

પ્રભુ મોહે ઐસી આય બની;
મન કી વ્યથા કુન પેં કહીએ,
જાનો આપ ધની. પ્રભુ મોંહે

જનમ મરણ જરા ચઉં ગઈ લહે,
વિલગી વિપત્તિ ધની પ્રભુ મોંહે

તન મન નયન સભી દુઃખ દેખત,
સુખ નહી એક કની. પ્રભુ મોંહે

ચિત્ત દુભઈ દુરજન કે બયના,
જૈસે અર અગનિ; પ્રભુ મોંહે

સજ્જન કોઈ નહીં જગ આગે,
બાત કહુ અપની. પ્રભુ મોંહે

ચઉ ગઈ ગમન ભ્રમણ દુઃખ વારો,
બિનતી એહી સુની; પ્રભુ મોંહે

અવિચલ સંપદા જસ કું દીજે,
અપનો દાસ ગની, પ્રભુ મોંહે

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

જય જય જય જય પાસ જિણંદ, જય જય.

અંતરીક પ્રભુ ત્રિભુવન તારણ; ભવિક કમલ ઉલ્લાસ દિણંદ.
જય જય.

તેરે ચરણ શરણ મેં કીનોં, તુમ બિનુ કુણ તોડે ભવ ફંદ;
પરમ પુરુષ પરમારથ દરશી; તું દીયે ભવિક કુ પરમાનંદ.
જય જય.

તુ નાયક તુ શિવ સુખ દાયક, તુ હિતચિંતક તુ સુખકંદ;
તું જનરંજન તું ભવભંજન, તું કેવલ કમલા ગોવિંદ,
જય જય.

કોડિ દેવ મિલિ કે ન કરી શકે, એક અંગુઠ રુપ પ્રતિછંદ,
એસો અદ્ભૂત રૂપ તિહારો. વરષત માનુ અમૃત કો બૂંદ
જય જય.

મેરે મન મધુકર કે મોહન, તુમ હો વિમલ સદલ અરવિંદ;
નયક ચકોર વિલાસ કરત હે, દેખત તુમ મુખ પૂરનચંદ
જય જય.

દૂર જાવે પ્રભુ તુમ દરિશન તેં, દુખ દોહગ દારિદ્ર અઘ દંદ;
વાચક જસ કહે સહસ ફલતે તુમ હો, જે બોલે તુમ ગુન કે વૃન્દ.
જય જય.

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિ-જગ તુમારો;
સાભળીને આવ્યો હુ તીરે રે, જન્મ મરણ દુઃખ વારો;
સેવક અર્જ કરે છે રાજ, અમને શિવસુખ આપો
આપો આપો ને મહારાજ અમને મોક્ષ સુખ આપો. સેવક. (૧)

સહુકોના મનવંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બિરુદ છે, રાજ તમારૂ, કેમ રાખો છો દૂરે ? સેવક. (૨)

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપગાર ન કરશો ? સેવક. (૩)

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દીજે;
ધુમાડે ધીજું નહીં સાહિબ, પેટ પડ્યાં પતીજે સેવક. (૪)

શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વિનતડી અવધારો;
કહે જિન હર્ષ મયા કરી મુજને, ભયસાયર થી તારો. સેવક. (૫)

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

ધન ધન પાર્શ્વનાથ ભગવાન

હમેં ભવપાર લગાને વાલે.....

કિયા રાગ દ્વેષ કા વિયોગ, લિયા જ્ઞાન દરસ સહયોગ,

દિયા ત્યાગ પરાશ્રય રોગ, પ્રભુ સ્વાશ્રય પદ પાનેવાલે ધન ધન...

નિશ્ચય મન મેં લિયા ધાર, સહયોગ બના સંસાર

સહયોગ વિના ભવપાર, હોવે નિજરૂપ કે પાનેવાલે, ધન ધન...

મૂરખ હમ ભારી નાદાન, કિયા ચોરોં કો આહ્વાન

દિયા ઉનકો નિજ સ્થાન, જો હમકો ગુલામ બનાને વાલે, ધન ધન...

મન મોહન પારસનાથ, લીનો સ્વાશ્રય કે હાથ,

તજ દિનોં પરાશ્રય સાથ, પ્રભુ નિજ પર સમજાને વાલે, ધન ધન...

આતમ લક્ષ્મી સહયોગ, હર્ષે વલ્લભ સહયોગ,

નહી કરતે પર સહયોગ, નિજાતમ જ્ઞાન ધરાનેવાલે ધન ધન...

# શ્રી શત્રુંજય તીર્થ સ્તવન

શેત્રુંજા ગઢના વાસીરે, મુજરો માનજો રે
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર;
સાહિબાની સેવા રે, ભવ દુઃખ ભાંગશે રે,
દાદાજીની સેવા રે, શિવ સુખ આપશે રે, શેત્રુંજા ગઢ ના.
એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાશી લાખ ફેરા રે, દૂર નિવારજો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ પ્રભુ મને દરિશન વહેલુ દાખ,
સાહિબાની સેવા રે,

દોલત સવાઈ રે, સોરઠ દેશની રે,
બલિહારી હુ જાઉં રે, પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તારું રૂદું દીઠું રૂપ, મોહ્યા સુર નર વૃન્દ ને ભૂપ
સાહિબા ની સેવા રે,

તીર્થ કોઈ નહી રે, શેત્રુંજા સારખુ રે;
પ્રવચન પેખીને કીધુ મેં તો પારખુ રે;
ઋષભને જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ.
સાહિબાની સેવા રે,

ભવોભવ હુ માંગુ રે, પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંગે રે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પુરો મનના કોડ, ઈમ કહે ઉદયરત્ન કર જોડ.
સાહિબાની સેવા રે,

# શ્રી સિદ્ધગિરિ સ્તવન

ડગર બતા દે પિયારિયા
મેં તો પૂજૂંગી રિષભ જિનંદ, ડગર

રાયણ તરુ તલે ચરણ બિરાજે,
બીચ બિરાજે જિનરાજ, ડગર

ચઉમુખ દરસ કરુ ને સુખ પાઉ,
જિમ સુધરે સબ કાજ, ડગર

વિમલાચલ મંડન સબ સોહે,
મંડન ધર્મ સમાજ, ડગર

આતમ ચંદ જિનંદજી ભેટી,
વેગે મિલે શિવરાજ, ડગર

## શ્રી અજિતનાથ જિન સ્તવન

અજિતજિન અતુલ બલી હો.
મોહ મહાબલ હેજે જીત્યો.
મદન મહીપતિ ફોજ દલી હો          અજિતજિન અતુલ બલી હો. ૧
પૂર્ણ ચંદ્ર જિસોં મુખ તેરો,
દંત પંક્તિ મચકુંદ કલી હો;          અજિતજિન અતુલ બલી હો.. ૨
સુંદર નયન તારિકા શોભિત,
ભાનુ-કમલદલ મધ્ય અલી હો          અજિતજિન અતુલ બલી હો. ૩
ગજલંછન વિજયા કો અંગજ,
ભેટત ભવ દુઃખ ભ્રાંતિ ટલી હો;          અજિતજિન અતુલ બલી હો. ૪
**સમયસુંદર** તેરે અજિત જિન
ગુણ ગાવત મોકું રંગરલી હો.          અજિતજિન અતુલ બલી હો. ૫

## તારંગા તીર્થ સ્તવન

**તારંગા તીરથે સોહાય,** તારંગા તીરથે સોહાય
પ્રભુ મેરો રે, તારંગ તીરથે સોહાય          પ્રભુ.
મૂલનાયક શ્રી અજિત જિનેશ્વર,
ભેટ્યા ભવ દુઃખ જાય          પ્રભુ.
ભવ ભવ ભટકત શરણે આયો,
અબ તો રાખોજી મોરી લાજ          પ્રભુ.
તારંગ તીરથે ભવિ જન તારણ,
બૈઠે ધ્યાન લગાય          પ્રભુ.
હું અનાથ મુજકો જો તારો,
જગ મેં બહુ જશ થાય.          પ્રભુ.
**વીરવિજયની** વિનંતી એહી,
આવાગમન નિવાર          પ્રભુ.

# શ્રી અજિતનાથ જિન સ્તવન

પ્રીતલડી બંધાણી રે અજિતજિણંદશુ
પ્રભુ પાખે ક્ષણ એક ન મુજને સુહાય જો
ધ્યાનની તાલી રે લાગી નેહશુ
જલદ ઘટા જિમ શિવ સુખ વાહન દાય જો. પ્રીતલડી બંધાણી રે.

નેહ ઘેલુ મન મારૂ રે પ્રભુ અલજે રહે
તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો
મ્હારે તો આધાર રે સાહિબ રાવલો
અંતરગતની પ્રભુ આગલ કહુ ગુજ્ઝ જો પ્રીતલડી બંધાણી રે.

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ
સેવકના જે સહેજે સુધારે કાજ જો
એહવે રે આચારણે કેમ કરી રહું ?
બિરુદ તમારૂ તારણ તરણ જહાજ જો પ્રીતલડી બંધાણી રે.

તારકતા તુજ માહે રે શ્રવણે સાંભલી
તે ભણી હુ આવ્યો છું દીન દયાલ જો
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે
શું ઘણું કહીએ ? જાણ આગળ કૃપાળ જો પ્રીતલડી બંધાણી રે.

કરુણા દ્રષ્ટિ કીધી રે સેવક ઉપરે
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો
મન વાંછિત ફલીયા રે તુજ અવલંબને
કર જોડીને **મોહન** કહે મનરંગ જો પ્રીતલડી બંધાણી રે.

# વીર જિન-દેશના સ્તવન

રુડી ને રઢીયાળી રે, વીર તારી દેશના રે
એ તો ભલી જોજનમાં સંભલાય.
સમકિત બીજ આરોપણ થાય. રુડીને રઢીયાળીરે

ષટ્ મહિનાની રે ભૂખ તરસ શમે રે.
સાકર દ્રાક્ષ તે હારી જાય,
કુમતિ જનના મદ મોડાય. રુડીને રઢીયાળીરે

ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે,
માંહી ભલી સપ્ત ભંગી વિખ્યાત,
નિજ નિજ ભાષાએ સહુ સમજાત. રુડીને રઢીયાળીરે

પ્રભુજી ને ધ્યાતાં રે શિવપદવી લહે રે.
આતમ ઋદ્ધિનો ભોક્તા થાય,
જ્ઞાનમાં લોકાલોક સમાય. રુડીને રઢીયાળીરે

પ્રભુજી સરિખા હો દેશક કો નહી રે.
એમ સહુ જિન ઉત્તમ ગુણ ગાય.
પ્રભુ પદ પદ્મને નિત્ય નિત્ય ધ્યાય. રુડીને રઢીયાળીરે

## શ્રી મહાવીર જિન સ્તવન

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાય રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મલ થાએ કાયા રે. ગિરુઆ રે.

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી ને નિર્મલ થાઉં રે;
અવર ન ધંધો આદરુ, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિરુઆ રે.

ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવી પેસે રે;
માલતી ફૂલે મોહિયા, તે બાવલે જઈ નવી બેસે રે. ગિરુઆ રે.

ઈમ અમે તુજ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વલી માચ્યા રે;
તે કિમ પર સુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિરુઆ રે.

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
**વાચક જસ** કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિરુઆ રે.

## શ્રી નેમિનાથ જિન સ્તવન

દેખો માઈ અજબ રુપ જિનજી કો. દેખો. ૧

ઉનકે આગે ઔર સબહું કો, રૂપ લગે મોહે ફીકો; દેખો. ૨

લોચન કરુણા-અમૃત-કચોલે, મુખ લાગે અતિ નીકો; દેખો. ૩

કવિ 'જસવિજય' કહે યોં સાહિબ, નેમજી ત્રિભુવન-ટીકો દેખો. ૪

## નેમિનાથ જિન સ્તવન

નેમિ નિરંજન નાથ હમારો અંજન વર્ણ શરીર
પણ અજ્ઞાન તિમિર ને ટાળે જીત્યો મન્મથ વીર
પ્રણમો પ્રેમ ધરીને પાયા પામો પરમાનંદા
યદુકુલ ચંદા રાય રે માત શિવાદે નંદા નેમિ નિરંજન નાથ.

રાજીમતીશુ પૂરવ ભવની પ્રીત ભલી પરે પાળી
પાણિગ્રહણ સંકેતે આવી તોરણ થી રથ વાળી નેમિ નિરંજન નાથ.

અબલા સાથે નેહ ન જોડ્યો એ પણ ધન્ય કહાણી
એક રસે બેઉ પ્રીતિ થઈ તો કીરતિ ક્રોડ ગવાણી નેમિ નિરંજન નાથ.

ચન્દન પરિમલ જિમ જિમ ખીરે ગૃત એક રૂપ નવી અળગા
ઈમ જે પ્રીત નિર્વાહે અહનિશ એ ગુણશું રે વળગ્યા નેમિ નિરંજન નાથ.

એમ એકંગી જે નર કરશે તે ભવ સાયર તરશે
**જ્ઞાનવિમલ** લીલા તે લહેશે શિવસુંદરી તસ વરશે નેમિ નિરંજન નાથ.

## શ્રી ગિરનારજી તીર્થ સ્તવન

ડગર બતા દે પૂજારિયાં, મૈં તો ભેટૂં નેમિ જિનંદ, ડગર

પ્રથમ ટૂક પ્રભુ જિનજી વિરાજે,
રાજે સુરતરુ કંદ,   ડગર બતા દે પૂજારિયાં.

સહસાવન પ્રભુ ચરણ વિરાજે,
ભેટિયે પરમ આનંદ,   ડગર બતા દે પૂજારિયાં.

ઉંચી વિખમી પંચમી ટૂકે,
કાટે કર્મ કા ફંદ,   ડગર બતા દે પૂજારિયાં.

અવર ટૂક પર ચરણ સુહંકર,
પૂજો આતમ ચંદ   ડગર બતા દે પૂજારિયાં.

## શ્રી ગિરનાર તીર્થ સ્તવન

ચલો સજની, જિન વંદન કો,
ગિરનારી નેમિ સામરીયા.   ચલો સજની.

ઉંચે રે ગઢ પર પ્રભુજી બિરાજે,
દરસ કરત ભવજલ તરીયા,   ચલો સજની.

શ્યામ વરણ તનુ ભવિજન મોહે,
શાંતિ રુપ તન મન વરીયા,   ચલો સજની.

**આતમ** આનંદ મંગલ મૂરતિ,
સૂરતિ જિન હિરદે ધરીયા   ચલો સજની.

# શ્રી ઋષભ દેવ જિન સ્તવન

માતા મરુદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂ મન લોભાણું જી
મારું દિલ લોભાણુંજી, દેખી તાહરી મૂરતિ મારૂ મન લોભાણું જી.
માતા મરુદેવીના નંદ

કરુણાનાગર કરુણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચશે માન. માતા મરુદેવીના નંદ

ત્રિગડે બેસી ધર્મ કહતા, સુણે પર્ષદા બાર;
જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા મરુદેવીના નંદ

ઉર્વશી રુડી અપછરાને, રામા છે મનરંગ;
પાયે નેપુર રણઝણે, કાઈ કરતી નાટારંભ. માતા મરુદેવીના નંદ

તું હી બ્રહ્મા તુ હી વિધાતા, તું જગ તારણહાર;
તુજ સારિખો નહીં દેવ જગતમાં, અરવડીયા આધાર. માતા મરુદેવીના નંદ

તું હી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ. માતા મરુદેવીના નંદ

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ,
કીર્તિ કરે **માણેક મુનિ** તાહરી, ટાળો ભવભય ફંદ માતા મરુદેવીના નંદ

# શ્રી આદિનાથ જિન સ્તવન

ઉઠત પ્રભાત નામ જિનજી કો ગાઈએ
નાભિજી કે નન્દ કે ચરણ ચિત્ત લાઈએ ઉઠત પ્રભાત.

આનંદ કે કંદ કો પૂજત સુરિંદ વૃન્દ
એસો જિનરાજ છોડ ઔર કું ન ધ્યાઈએ... ઉઠત પ્રભાત.

જનમ અજોદ્ધા ઠામ, માતા મરુદેવા નામ
લાંછન વૃષભ જાકે ચરણ સુહાઈએ ઉઠત પ્રભાત.

પાંચશે ધનુષ માન, દીપત કનક વાન
ચોરાશી પૂર્વ લાખ આયુસ્થિતિ પાઈએ ઉઠત પ્રભાત.

આદિનાથ આદિદેવ સુરનર સારે સેવ
દેવન કે દેવ પ્રભુ શિવ સુખ દાઈએ ઉઠત પ્રભાત.

પ્રભુ કે પાદારવિંદ પૂજત હરખચંદ
મેટો દુઃખ દંદ સુખ સંપતિ બઢાઈએ ઉઠત પ્રભાત.

## શ્રી ઋષભ દેવ જિન સ્તવન

ઋષભ જિનંદા ઋષભ જિનંદા
તું સાહિબ હુ છું તુજ બંદા
તુજ શું પ્રીતિ બની મુજ સાચી
મુજ મન તુમ ગુણશું રહ્યું માચી. ઋષભ જિનંદા.

દીઠા દેવ રૂચે ન અનેરા
તુજ પાખલિએ ચિતડું દિએ ફેરા
સ્વામિ શું કામણલુ કીધું
ચિંતડુ અમારુ ચોરી લીધું. ઋષભ જિનંદા.

પ્રેમ બંધાણો તે તો જાણો,
નિરવહશો તો હોંશે વખાણો
વાચક જસ વિનવે જિનરાજ,
બાહ્ય ગ્રહ્યાંની તુજને લાજ ઋષભ જિનંદા.

# ગુંદેચા બ્રધર્સની પસંદગીના પદો

## ભજનપદ -૧

(રાગ : જૈજૈવન્તી / તાલ : ચૌતાલ)

વીર જપલે વીર જપલે, યહી તેરા ધામ હૈ

માયા કો સંગ ત્યાગ, મહાવીર શરણ લાગ
જગત સુખ માન મિથ્યા જુઠો સબ સાજ હૈ

સપને જો ધન પછાન, કાહે પર કરત માન
બારૂ કી ભીતિ સે બસુધા કો રાજ હૈ

આદીશ્વર કહત બાત, બિનતી યે તેરી ગાત
છિન છિન જ્યોં કલ ગયા, વૈસા આજ જાત હૈ

## ભજનપદ - ૨

(રાગ : ભીમપલાસી / તાલ : સૂલ તાલ)

જિનવાણી અપાર
અહિંસા હી સાર

સત્ય કો કર વિચાર
જિનેન્દ્ર મન ધાર

# પદ - ૩ (મહાવીર સ્વામી)

(રાગ : હંસધ્વનિ / તાલ : તીવ્રા)

જય જય મહાવીર સ્વામી
ઘટ ઘટ કે અંતરયામી

જિસને પશુ કી પીડા જાની
નમો ત્રિશલા નંદન જ્ઞાની

રાજ છોડ તપ ઘોર કિયા
સ્યાદ્વાદ સિદ્ધાંત દિયા

સબ ઝગડે કો મેટ દિયા
જીવ અજીવ તત્ત્વજ્ઞાની

મુનિ દર્શન તત્ત્વજ્ઞાની
સત્ય અહિંસા અસ્તેય

અપરિગ્રહ, બ્રહ્મચર્યવાણી
નમો નમો કેવલજ્ઞાની

## પદ - ૪ (મહાવીર સ્વામી)

(રાગ : અહીર ભૈરવ / તાલ : સૂલ તાલ)

નમો નમો મહાવીર
સિદ્ધાર્થ નંદન
દુઃખ ભંજન
સાગર સમ ગંભીર
પતિત ઉદ્ધારક
ભવ ભય તારક
જ્ઞાન પ્રદાતા
મેરુ સમ મન ધીર

## પદ : ૫

(રાગ : શહાણા / તાલ : સાદરા)

અવગુણ ભર્યો સકલ હે નાથ મેરે
અપનો સમજ માફ કીજે ઘનેરે
તુમ બિન કૌન હરે ભવ ફંદ મેરે
બિનતી કરત હર રંગ ગાય ગન તેરે
અપનો સમજ માફ કીજે ઘનેરે

## પદ : ૬

(રાગ : યમન / તાલ : સૂલ તાલ)

મૂરત મન ભાયે
સુંદર સલોની
તુમ બિન અબ કૌન
રાખત હૈ મેરો ધ્યાન
આસ લિયે મન મેં
ઇચ્છિત ફલ પાયે

## પદ : ૭

(રાગ : ગુર્જરી તોડી / તાલ : તીવ્રા)

કટત વિકાર
નામ ઉચ્ચાર
જો નર સુમરિયે જિન નામ
તર ગયે પાર
પ્રભુજી તોપે સબ સંસાર
ધર્મ આધાર વિદ્યા પાર
રાખે ચંદ્ર સૂરજ તાર

# આરતિ

જય જય આરતિ આદિ જિણંદા
નાભિરાયા મરુદેવી કો નંદા,
પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામી ને લહાવો લીજે
**જય જય આરતિ .......૧**

દૂસરી આરતી દીન દયાલા,
ધૂલેવા મંડપમાં જગ અજવાળા
**જય જય આરતિ .......૨**

તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુર-નર-ઇંદ્ર કરે તોરી સેવા
**જય જય આરતિ .......૩**

ચોથી આરતી ચઉગતિ ચૂરે,
મન-વાંછિત ફલ શિવસુખ સૂરે
**જય જય આરતિ .......૪**

પંચમી આરતિ પુણ્ય ઉપાયા
મૂલચંદે રિષભ ગુણ ગાયા
**જય જય આરતિ .......૫**

# મંગલ દીવો

દીવો રે દીવો પ્રભુ માંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો
સોહામણુ ઘેર પર્વ દિવાળી
અંબર ખેલે અમરાબાલી,
**દીવો રે દીવો.....૧**

દેપાલ ભણે એને કુલ અજવાલી
ભાવે ભક્તિ વિઘન નિવારી
**દીવો રે દીવો.....૨**

દેપાલ ભણે એણે એ કલિકાલે
આરતી ઉતારી રાજા કુમારપાળે
**દીવો રે દીવો.....૩**

અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો
**દીવો રે દીવો.....૪**


# વધાઈ

મારા પ્રભુની વધાઈ બાજે છે,
મારા નાથની વધાઈ બાજે છે...
શરણાઈ સુર નૌબત વાગે ઔર ઘનનનન... ગાજે છે.મારા નાથની.
ઇન્દ્રાણી મિલ મંગલ ગાવે મોતિયન ચોક પુરાવે છે.મારા નાથની
સેવક પ્રભુજી સે અરજ કરત હૈ ચરણોની સેવા પ્યારી લાગે છે.
મારા નાથની


શ્રી મુછાળા મહાવીરજી તીર્થ


શ્રી મક્ષીજી તીર્થ


શ્રી રાણકપુર તીર્થ


શ્રી શેરીસા તીર્થ


શ્રી વામજ તીર્થ





શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
E-mail : shree_sangh@yahoo.com

